# પાઠ - ૬ કારભાર

**યાદ રાખો :** *" પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાના પણ તમને અપાશે." (માત્થી ૬ : ૩૩)*

**પ્રસ્તાવના :** *દાઉદે ગીતશાસ્ત્ર ૨૪:૧ માં પાયાનું સત્ય સ્થાપિત કર્યું. "પૃથ્વી તથા તેનું સર્વસ્વ યહોવાના છે. જગત તથા તેમાં રહેનારા પણ તેનાં છે." બીજા શબ્દોમાં આપણી પાસે પોતાની માલિકીનું કશું નથી. બધું તેમની માલિકીનું છે. તેમણે આપણને માલમત્તા ઉપર અધિકાર રાખવની પરવાનગી આપી છે. પરંતુ જે બધું તેમણે આપણને આપ્યું છે તેના માટે આપણને જવાબદાર ઠેરવવામાં આવશે. પછી તે આપણાં બાળકો, તાલંતો, ભૌતિક સંપત્તિઓ અથવા આત્મિક પ્રક્ટીકરણોહોય તેમણે તેમની માલમત્તા ઉપર આપણને કારભારી બનાવ્યા છે.*

*કારભારી એ છે કે જે બીજા વ્યક્તિના કામકાજનું નિયંત્રણ કરે છે. તે તેઓનું ઘરબાર, મિલ્કત, નાણાં અથવા સંપત્તિ હોઈ શકે. માત્થી ૨૫ : ૧૪-૩૦ માંનું દૃષ્ટાંત આપણને એક માણસ જે લાંબી મુસાફરીએ જાય છે એ પહેલા પોતાના ચાકરોને જતન માટે પૈસા આપે છે તેના વિશે કહે છે. જ્યારે તે પાછો ફર્યો ત્યારે તેણે તેઓને જે આપવામાં આવ્યું હતું તેનો હિસાબ માંગ્યો. તે જ રીતે, આપણે આપણો હિસાબ ઈશ્વરને આપવો પડશે. આ જાણીને આપણે તેના મહાન વિશ્વાસના પ્રકાશમાં જીવનની બધી માલમત્તાનું નિયંત્રણ વિશ્વાસુપણે કરવા માંગીએ છીએ.*

## ઈશ્વરની માલિકી

(૧) *૧ કરિંથી ૬ : ૧૯-૨૦ પ્રમાણે "કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા છે." આપણે હવે કોની માલિકીના છીએ ?*

.............................................................................

(૨) *માત્થી ૨૫ : ૧૪-૩૦ માં કેવી રીતે ચાકરે એક તાલંત વડે તેના માલિકને નાખુશ કર્યા ?*

.............................................................................

(૩) *સારા કારભારી તરીકે આપણે આપણા કૃપાદાનો વડે શું કરવું જોઈએ ? (૧ પિત્તર ૪ : ૧૦)*

.............................................................................

(૪) *શું ઈશ્વર આપણા કાર્યોનો હિસાબ લેશે ? (રોમન ૧૪ : ૧૨-૧૩)*

.............................................................................

## માલમત્તામાં કારભાર

(૧) *યોહાન ૬ : ૧-૧૪ વાંચો. છોકરાનો નાસ્તો કેટલો મોટો હતો ?*

.............................................................................

(૨) ઈસુએ આશીર્વાદ આપ્યા પછી શું થયું ?

.............................................................................

(૩) માર્ક ૯ : ૪૧ માં ઈસુ પાણીના પ્યાલા વિશે વાત કરે છે. ઈશ્વર નાની વસ્તુઓની કિંમત આંકે છે. તેના વિશે આ શું કહે છે ?

.............................................................................

(૪) નીતિવચનો ૨૪ : ૩૦-૩૪ માં આપણે વાંચીએ છીએ કે આળસુ માણસ પોતાની સંપત્તિની કાળજી રાખતો નથી.તે શું સહન કરશે ? (કલમ ૩૪)

.............................................................................

નાણાંમાં કારભાર

જૂનો અને નવો કરાર બંને વચનો ઈશ્વરને દશાંશ આપવા સંબંધી નિર્દેશ કરે છે. ટાઈથ શબ્દ ગ્રીક શબ્દ દેકા ઉપરથી આવે છે, જેનો અર્થ છે દસમો.

(૧) જ્યારે ફરોશીઓને તેઓના દંભ માટે ઠપકો આપતા હતા ત્યારે શું ઈસુએ તેઓને એમ કહ્યું કે હવેથી તેઓએ દશાંશ આપવાની જરૂર નથી ? (માત્થી ૨૩ : ૨૩)

.............................................................................

(૨) નીતિવચનો ૩ : ૯ આપણને કહે છે કે ...................... થી તથા ...................... ...................... થી યહોવાનું સન્માન કર.

(૩) જ્યારે ઉદારતાથી આપીને આપણે ઈશ્વરને માન આપીએ છીએ ત્યારે શું થાય છે ? (નીતિવચનો ૩ : ૧૦)

.............................................................................

(૪) માલાખી ૩ : ૮-૧૧ વાંચો. શું ઈશ્વર પાસેથઈ લૂંટવું શક્ય છે ? ......................

કેવી રીતે ? ............................................................

આપણે દશાંશ ક્યાં લાવવું જોઈએ ?

.............................................................................

(૫) જો આપણે વિશ્વાસુ છીએ અને આપણા દશાંશો આપીએ છીએ તો ઈશ્વર કયા બે વચનો આપણને આપે છે ? (માલાખી ૩ : ૧૦-૧૧)

(અ) ............................................................

(બ) ............................................................

(૬) દશાંશ કોની માલિકીનું છે ? (લેવીય ૨૭ : ૩૦)

.............................................................................

(૭) કેવા પ્રકારના આપનારને દેવ ચાહે છે ? (૨ કરિંથી ૯ : ૭)

.....................................................................................

(૮) જો આપણે ઉદારતાથી આપીએ તો ઈશ્વર ...................... થી આપશે. (લુક ૬ : ૩૮)
ઈશ્વર કહે છે કે જે માપથી આપણે આપીએ છીએ તે જ માપથી આપણને પાછુ માપી આપવામાં આવશે.

## ભવિષ્ય માટે કારભાર

(૧) ઈસુએ કહ્યું કશુંક જગત કરતાં પણ વધારે મૂલ્યવાન છે, તે શું છે ? (માત્થી ૧૬ : ૨૪-૨૬)

(૨) ઈશ્વર આપણને વચન આપે છે કે આપણી બધી જરૂરિયાતોની કાળજી લેવામાં આવશે. જો પ્રથમ આપણે ...................... અને ...................... શોધીએ. ( માત્થી ૬ : ૩૩)

(૩) ઈસુએ કહ્યું આપણે દ્રવ્ય (રોકાણ કરવું) ...................... માં એકઠું કરવું જોઈએ. (માત્થી ૬ : ૨૦-૨૧)
શા માટે આટલું અગત્યનું છે ?

.....................................................................................

(૪) પાઉલ સારી લડાઈ લડ્યાં અને તેની દોડ પૂરી કરી તે ઈશ્વર પાસેથી શું પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખતો હતો ? (૨ તિમોથી ૪ : ૭-૮) ...............................................................

## સારાંશ

ઈશ્વરના બાળક હોવું એ એક વિશિષ્ટ હક છે, તે જીવનનો બદલો આપનારો માર્ગ છે. કારણ કે હવે તમે જે વસ્તુઓ કરો છો. મહાન અથવા સામાન્ય તેનું મહત્વ છે. કારણ કે તમે તેમને તમારા જીવનના પ્રભુ સ્વીકરો છો માટે તમે તેના રાજ્યની ઉન્નતિ માટે જે તાલંતો અને માલમત્તા તેમણે તમને આપ્યા છે તેનો વિશ્વાસુપણે ઉપયોગ કરીને તમારો પૂરાં હૃદય, મન અને તનથી તેની સેવા કરવાનો પ્રયત્ન કરશો.
"તો સારું કરતાં આપણે થાકવું નહિ, કેમકે જો કાયર ન થઈએ, તો યોગ્ય સમયે લણીશું " (ગલાતી ૬ : ૯)

## ઉત્તરો
## ઈશ્વરની માલિકી

(૧) ઈશ્વરની (૨) તેણે તેના તાલંત સાથે કશું ના કર્યું.

(૩) એકબીજાની સેવા કરવી જોઈએ. (૪) હા

## માલમત્તામાં કારભાર

(૧) પાંચ રોટલી અને બે માછલી

(૨) એટલો બધો નાસ્તો થયો કે પાંચ હજારથી વધુ લોકો જમ્યા

(૩) તેઓને બદલો મળશે

(૪) દરિદ્રતા

## નાણામાં કારભાર

(૧) ના

(૨) તારા દ્રવ્યથી તારી પેદાશના પ્રથમ ફળથી

(૩) તે ઉદારતાથી ભરપૂરપણે આપણને પાછુ આપશે.

(૪) હા, દશાંશોમાં તથા ઉચ્છાલીયાપણોમાં, ભંડારમાં (મંડળીમાં)

(૫) (અ) આકાશની બારીઓ ખોલી નાખશે અને પુષ્કળ આશીર્વાદ મોકલશે.

(બ) આપણી ખાતર ખાઈ જનારને તે ધમકાવશે.

(૬) યહોવાની

(૭) ખુશીથી

(૮) ઉદારતા

## ભવિષ્ય માટે કારભાર

(૧) તમારો આત્મા

(૨) દેવનું રાજ્ય, તેનું ન્યાયીપણું

(૩) આકાશ, તે દ્રવ્ય સદાકાળને માટે ટકશે.

(૪) ન્યાયીપણાના મુગટ